# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

- દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટ્યું- જ્યારે મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં આજે સાર્વત્રિક વરસાદ.
- ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને ધિરાણ અને અનુદાન સ્વરૂપમાં અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1 હજાર 470 ટકાનો વધારો નોંધાયો..
- દેવભૂમિદ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં આવતીકાલે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની ઉજવણી કરાશે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ડાંગમાં 29 જુલાઈએ “મેઘ મલ્હાર પર્વ”નું ઉદ્ઘાટન કરશે.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલ, 3-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરાવનાર રાજ્યની પ્રથમ સરકારી હોસ્પિટલ બની.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MADHY GUJARAT- RAIN

દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટ્યું છે જ્યારે મધ્ય ગુજરાતના જીલ્લાઓમાં આજે સાર્વત્રિક વરસાદ થયાના અહેવાલ છે. જો કે, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, નર્મદા, સુરત, વડોદરા સહિતના જીલ્લાઓમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતા રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વ્યાપક વરસાદના કારણે રાજ્યના 46 જળાશય સંપૂર્ણ છલકાઈ જતાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે. તેમ જ ઠેરઠેર પાણી ભરાતા માર્ગ વ્યવહાર ખોરવાયો છે.

લાંબા વિરામ બાદ આજે દાહોદ જીલ્લામાં વરસાદ વરસ્યો છે. દાહોદના ઝાલોદ, લીમખેડા સહિતના તાલુકાઓમાં એકથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

વડોદરા જીલ્લામાં ગઇકાલે થયેલા ભારે વરસાદને પગલે વિશ્વામિત્રી નદીમાં જળસ્તર વધતાં નદીકિનારાના 140થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.. વડોદરાના વડસર ખાતે બચાવ ટુકડી દ્વારા 49 લોકોને બચાવી લેવાયા છે.

વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધી નિર્મિત દવે..

**(બાઇટ- નિર્મિત દવે)**

વરસાદી પરિસ્થિતિને પગલે રાજ્યના આરોગ્ય અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને વહીવટી તંત્ર સાથે બેઠક કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

દરમિયાન અમદાવાદ શહેરમાં પણ આજે વિવિધ સ્થળોએ વરસાદ થયાના અહેવાલ છે. ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે વાસણા બેરેજમાંથી

આજે રાત્રે પાણી છોડવામાં આવશે, જેને લઇને વેજલપુર-વટવા-સાબરમતી નદીના નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ખસેડવામાં આવી રહ્યા છે.

## SOUTH GUJARAT- RAIN

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા દિવસથી પડેલા ભારે વરસાદથી ઘણા સ્થળોએ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા જનજીવનને અસર થઇ છે. આજે સુરતના ઓલપાડ તાલુકાના વાડોલી ગામે ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા ફસાયેલા 4 લોકો અને પશુઓને NDRFની ટીમ દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

એવી જ રીતે, સુરતમાં આજે સવારથી વરસાદનું જોર ઘટતાં મહાનગરપાલિકા દ્વારા યુધ્ધના ધોરણે સફાઈ કામગીરી અને દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

પોરબંદર તથા જુનાગઢ જીલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદના કારણે પીજીવીસીએલ દ્વારા પોરબંદર અને જુનાગઢના વિવિધ વિસ્તારોમાં અસર થયેલા 177 વીજપોલ ઉભા કરવામાં આવ્યા છે અને તમામ વીજપુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવ્યો છે. તો જીલ્લામાં વરસાદી પાણીના નિકાલ માટે પમ્પિંગ સેન્ટર ખાતે વધુ મોટરો મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

દ્વારકા જીલ્લામાં થયેલા વરસાદને કારણે વર્તુ-2 ડેમ છલકાતાં કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે પાણી ભરાયા હતા.

ઉપરવાસમાં થયેલા વરસાદને પગલે તાપીના ઉકાઈ ડેમની જળસપાટી 316 ફૂટને પાર પહોંચી છે. એવી જ રીતે, નર્મદાના કરજણ ડેમમાંથી 9 હજાર 955 ક્યુસેક પાણી છોડાયું છે.

## CM- SEOC BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર ખાતે રાજ્યમાં સર્જાયેલી પૂર પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર તથા આશ્રયસ્થાનોમાં આરોગ્ય,અન્ન-પૂરવઠો વગેરેની સુવિધા અંગે માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીએ સતર્કતા સાથે કાર્યરત રહેવા માર્ગદર્શન આપ્યું હતું. શ્રી પટેલે વરસાદને લગતા બનાવોમાં જાનહાનિ ટાળવા આગોતરા રાહત-બચાવ ઉપાયો માટે જિલ્લા કલેક્ટરોને સજ્જ રહેવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન, રાજ્યના રાહત કમિશ્નર આલોકકુમાર પાંડેના જણાવ્યા મુજબ, વરસાદના લીધે રાજ્યમાં વધુ બે મૃત્યુ નોંધાતા કુલ મૃત્યુઆંક 63 થયો છે અને મૃત્યુ પામેલાઓને તબક્કાવાર સહાય ચૂકવાઇ રહી છે. રાજ્યમાં વરસાદની પરિસ્થિતી અંગે તેમણે કહ્યું કે,

## (બાઇટ- આલોકકુમાર પાંડે)

## SANSAD- AMIT SHAH

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને ધિરાણ અને અનુદાન સ્વરૂપમાં અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1 હજાર 470 ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આ મુજબ જણાવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સહકારી મંડળીઓ અને સંઘોને NCDC દ્વારા પૂરી પડાતી નાણાકીય સહાયનો આંક 2021-22માં 37 કરોડ 40 લાખ રૂપિયા હતો જે 2023-24માં વધીને 586 કરોડ 99 લાખ રૂપિયા પહોંચી ગયો છે. ગુજરાતમાં 82 હજાર 143 સહકારી મંડળીઓ નોંધાયેલી છે.

શ્રી શાહે ઉમેર્યું કે, મંડળીઓને સદ્ધર બનાવવા,ભારત સરકારે 2 હજાર 516 કરોડના કુલ નાણાકીય ખર્ચે હાલ કાર્યરત મંડળીઓના કમ્પ્યૂટરાઈઝેશન માટેના એક પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેના થકી દેશની તમામ કાર્યરત મંડળીઓ એક સમાન ERP આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર સાથે જોડાઈ જશે,

## GPSC EXAM

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી 28 જૂલાઈના રોજ યોજાનાર પેટા હિસાબનીશ તથા હિસાબનીશની ભરતી પરીક્ષા રાબેતા મુજબ લેવાશે. સંસ્થાના સચિવ હસમુખ પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં માહિતી આપતાં જણાવ્યું કે,હવામાન ખાતાની માહિતી મુજબ 28 જુલાઇ સુધીમાં વરસાદ પ્રમાણસર હોવાથી પરીક્ષા 28 જુલાઈએ લેવાશે. જો કે, વરસાદના કારણે જો બસ અને રેલવે સેવા પ્રભાવિત થાય તો પરીક્ષા મોંકુફ રાખવા અંગે નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, હિસાબનીશ તથા પેટા હિસાબનીશની 266 જગ્યાઓ માટે ત્રણ તબક્કામાં ભરતી પરીક્ષા યોજાવાની છે.

## CM VAN MAHOTSAV

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની આવતીકાલ 26 જુલાઈએ ઉજવણી કરાશે. ગામના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે થનારી આ ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રીના હસ્તે 23મા સાંસ્કૃતિક વન 'હરસિદ્ધિ વન'નું લોકાર્પણ કરાશે. કોયલા ડુંગરની પાછળ આવેલા આ નવીન 'હરસિદ્ધિ વન'ખાતે વિવિધ પ્રજાતિના અંદાજિત 41 હજાર 619 રોપાઓનું વાવેતર કરાયું છે.

આ સાથે રાજ્યમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ 33 જિલ્લા કક્ષાએ, આઠ મહાનગરપાલિકાકક્ષાએ, 250 તાલુકાકક્ષાએ તેમ જ 5 હજાર

500 ગ્રામીણકક્ષાએ '75મો વન મહોત્સવ'યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે,રાજ્યમાં વિવિધ 22 સાંસ્કૃતિક વનનું નિર્માણ કરાયું છે.

## DANG- MEGH MALHAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ડાંગના સાપુતારા ખાતે 29 જુલાઈએ "મેઘ મલ્હાર પર્વ"નું ઉદ્ઘાટન કરાવશે. એક મહિના સુધી ચાલનારા આ પર્વમાં ડાંગની વિવિધ ભાતીગળ સંસ્કૃતિ દર્શાવતા કાર્યક્રમોનું આયોજન કરાશે, એમ પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ઉદઘાટન સમારંભમાં ડાંગના સ્થાનિક સંગીતના વાજિંત્રો,મનોરંજક પાત્રો, અલગ-અલગ વેશભૂષામાં પાત્રો, ડાંગી આદિવાસી નૃત્યો રજૂ કરાશે. રંગબેરંગી પરેડ બાદ મુખ્ય અતિથિ ગણ સાપુતારા તળાવ પાસે તૈયાર કરવામાં આવેલ ડોમ ખાતે પધારશે જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, અહીં પ્રવાસીઓને આજુબાજુમાં ઈકો ટૂરીઝમ કેમ્પ સાઈટ-મહલ,એક્વેરિયમ, ઈકો-પૉઈન્ટ, ગાંધર્વપુર આર્ટિસ્ટ વિલેજ, ગીરાધોધ સહિતના 18 જેટલા મુખ્ય જોવાલાયક સ્થળો જોવાનો લાભ મળશે. તેમજ પેપર ક્રાફ્ટ અંગેની કાર્યશાળા અને તીરંદાજી, વરલી આર્ટસ, હસ્તકળા અને ફોટોગ્રાફી પ્રદર્શન પણ યોજાશે.

શ્રી બેરાએ જણાવ્યું કે,વર્ષ 2022માં સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે 8 લાખથી વધુ, વર્ષ 2023માં સાપુતારા ફેસ્ટિવલમાં અંદાજે અઢી લાખ સહિત સમગ્ર વર્ષ દરમિયાન કુલ 11 લાખ 13 હજાર જેટલા પ્રવાસીઓ સાપુતારાની મુલાકાતે આવ્યા હતા.

## CIVIL HOSPITAL -3 D LEPROSCOPY

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ૩-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરાવનાર રાજ્યની પ્રથમ સરકારી હોસ્પિટલ બની છે. હોસ્પિટલના યુરોલોજી વિભાગમાં અધિક નિયામક ડૉ. રાઘવેન્દ્ર દિક્ષીત,સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશી સહિતના તબીબોના હસ્તે આજે આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો.

3D લેપ્રોસ્કોપી સિસ્ટમ સિવિલ હોસ્પિટલના તમામ સર્જિકલ વિભાગો જેવા કે પીડિયાટ્રિક,ગાયનેકોલોજી,જનરલ સર્જરી વગેરે માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, જટિલ શસ્ત્રક્રિયાના કેસોમાં,3D લેપ્રોસ્કોપી શરીરના અંદરનાં અવયવોનું સચોટ અનુમાન અને ત્રીપરીમાણીક વિઝન દર્શાવે છે. ૩ડી લેપ્રોસ્કોપીનાં કારણે વિવિધ સર્જરી ચોકસાઈથી થઇ શકે છે.. ૩ડી લેપ્રોસ્કોપીનાં કારણે ઓપન સર્જરીનો દર ઘટાડી શકાય છે અને ઓછામાં ઓછી કાપકૂપથી જટિલ સર્જરી કરીને અસરકારક પરિણામો મેળવી શકાય છે.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28મી જુલાઇએ આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો 26મી તારીખ સુધીમાં MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ,ડીડી ન્યૂઝ,પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.